ખાનગી

**વિદેશી ફાળો મેળવવા માટેની પૂર્વ મંજૂરી (Form FC-1A )ની તથા વિદેશી ફાળો મેળવવા માટે રજીસ્ટ્રેશન (Form FC-8 ) ની અરજીઓની ચકાસણી કરવા બાબત.**

**ગુજરાત સરકાર,**
**ગૃહ વિભાગ,**
પરિપત્ર ક્રમાંક : એફસીઆર/મોનિ. સેલ/૩/૨૦૦૭
સચિવાલય. ગાંધીનગર.
તારીખઃ 19 SEP 2007

**પરિપત્ર :**

ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એકટ, ૧૯૭૬ અને ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) રૂલ્સ, ૧૯૭૬ની જોગવાઈઓ અન્વયે કોઈ ચોકકસ પ્રકારના સાંસ્કૃતિક, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક અથવા સામાજીક કાર્યક્રમો / પ્રવૃત્તિઓ પરિપૂર્ણ કરવા રાજયની કેટલીક સંસ્થાઓ નિયત કરેલા ફોર્મ FC-1A માં ભારત સરકારને વિદેશી ફાળો મેળવવા માટેની પૂર્વ મંજૂરી મેળવવા અરજી કરે છે. તે પ્રમાણે આવી સંસ્થાઓ નિયત કરેલા ફોર્મ FC-8 માં ભારત સરકારને,વિદેશી નાગરિકો / સંસ્થાઓ પાસેથી દાન / સહાય / ફાળો મેળવવા માટે રજીસ્ટ્રેશન કરાવવા માટે અરજી કરે છે અને આવી અરજીઓની ગૃહ વિભાગના ખાનગી પરિપત્ર ક્રમાંક : વિ.૧/પરચ/૨૦૦૩/રાકમં–૧, તા. ૯/૪/૨૦૦૩ થી આપેલ સૂચનાઓ મુજબની ચકાસણી જિલ્લા કલેકટરશ્રીઓ દ્વારા કરીને જરૂરી ભલામણસહ ગૃહ વિભાગને સમર્થન અર્થે મોકલે છે અને ગૃહ વિભાગનું સમર્થન મળ્યા બાદ જિલ્લા કલેકટરશ્રી તે અરજી ભારત સરકારના ગૃહ મંત્રાલયને જરૂરી ભધલામણસહ આગળની જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપે છે.

વિદેશી ફાળો જે તે હેતુ માટે જ વપરાય અને મૂળભૂત હેતુ વિરૂધ્ધની પ્રવૃત્તિમાં ન વપરાય તે સુનિશ્ચિત કરવા સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક : વિ.૧/એફસીઆર/૨૦૦૪/૧૩૨૫૬(૪૩), તા. ૧૭/૩/૨૦૦૭ થી એફસીઆર મોનીટરીગ સેલની રચના કરવામાં આવેલ છે. આથી તમામ જિલ્લા કલેકટરશ્રીઓ અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને જણાવવાનું કે, ગૃહ વિભાગના તારીખઃ ૯/૪/૨૦૦૩ના ખાનગી પરિપત્રના ફકરા–૪ માં આપેલી સૂચનામાં થોડોક સુધારો કરી હવે જે તે સંસ્થા દ્વારા વિદેશીફાળો મેળવવા ભારત સરકારની પૂર્વ મંજૂરી મેળવવા Form FC-1A માં અને વિદેશી ફાળો મેળવવા માટે ભારત સરકાર પાસે રજીસ્ટ્રેશન કરાવવા Form FC-8 માં અરજી કરે ત્યારે તે ત્રણ પ્રતમાં જરૂરી દસ્તાવેજો તેમજ આધાર પુરાવા સાથે મેળવીને તેની આ સાથે સામેલ રાખેલ ચેકલીસ્ટ મુજબ તેમજ એફસીઆર એકટ અને રૂલ્સમાં કરેલી જોગવાઈઓના આધારે ચીવટપૂર્વક અને કાળજીથી ચકાસણી કરીને અરજીઓ તેમના અભિપ્રાયસહ અરજીની ૨ પ્રતો તેના બિડાણો અને આધાર / દસ્તાવેજો સાથે સરકારશ્રીના ગૃહ વિભાગને પરામર્શ અને સમર્થન અર્થે મોકલી આપવાની રહેશે, તેમજ જિલ્લા કલેકટરશ્રીનો જે સંસ્થાની અરજી મંજૂર કરવા તેમનો અભિપ્રાય થતો

હોય તેવી અરજીના ભલામણના કોલમમાં તેઓના સહી સિકકા કરીને અરજીની ૨ પ્રતો ગૃહ વિભાગને મોકલવાની રહેશે અને ગૃહ વિભાગ આ અરજીની ચકાસણી કરી જરૂરી સમર્થન સાથે ભારત સરકારના ગૃહ મંત્રાલયને સીધેસીધી આગળની જરૂરી કાર્યવાહી અર્થે સબંધિત કલેકટરશ્રી અને સંસ્થાની જાણ હેઠળ મોકલી આપશે.

સંસ્થાઓ દ્વારા પૂર્વ મંજૂરી / રજીસ્ટ્રેશન અર્થે નિયત નમૂનામાં અરજી કરે ત્યારે નીચેના મુદ્દાઓ તરફ પૂરતી કાળજી રાખીને અરજીમાં દર્શાવેલ હકીકતોની સાતત્યતા અંગે જરૂરી તપાસ / ચકાસણી કરીને ખાત્રી કર્યા બાદ તેમના સ્પષ્ટ અભિપ્રાયસહ અરજીની બે પ્રતો ગૃહ વિભાગને સમર્થન અર્થે મોકલી આપવાની રહેશે.

૧) સબંધિત જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ જે સંસ્થા વિદેશી ફાળો મેળવીને તેનો નિશ્ચિત કરેલા હેતુસર ઉપયોગ કરવા માંગતી હોય તેમની પાસેથી તે માટેની ભારત સરકારની મંજૂરી મેળવવા નિયત કરેલા Form FC-1A અથવા Form FC-8 માં અરજી જરૂરી દસ્તાવેજો – આધાર / પુરાવા સાથે ત્રણ નકલમાં મેળવવાની રહેશે.

૨) અરજીઓના સંદર્ભમાં એફસીઆર એકટ અને રૂલ્સની જોગવાઈઓ તેમજ આ સાથે મોકલેલ ચેકલીસ્ટ મુજબ કાળજીપૂર્વક જરૂરી ચકાસણી કર્યા બાદ જે અરજી ભારત સરકારની મંજૂરી અર્થે ભલામણ કરવા યોગ્ય જણાતી હોય તો તે અરજીના ફોર્મમાં ભલામણના કોલમમાં જરૂરી સહી–સિક્કા કરીને તે અરજીની ૨ નકલો ગૃહ વિભાગને મોકલી આપવાની રહેશે.

૩) ગૃહ વિભાગ દ્વારા જરૂરી ચકાસણી કર્યા બાદ જરૂરી સમર્થન સાથે તે અરજીની એક નકલ બારોબાર ભારત સરકારના ગૃહ મંત્રાલયને આગળની જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવશે અને તેની જાણ સબંધકર્તા જિલ્લા કલેકટરશ્રી તેમજ સંસ્થાને કરવામાં આવશે.

૪) વિદેશી ફાળાની રકમ જે હેતુ માટે મળે તે હેતુ સિવાયના હેતુ કે પ્રવૃત્તિમાં ન વપરાય તે માટે આવી અરજીઓની, અરજી કરનાર સંસ્થાઓની તથા તેના હોદ્દેદારોની આપેલ માહિતી / વિગતોની ચીવટપૂર્વક અને કાળજીથી ચકાસણી કરવી અત્યંત જરૂરી હોઈ Form FC-1A ના સંદર્ભમાં કરવાની ચકાસણીના મુદ્દાઓનું એક ચેકલીસ્ટ અને Form.FC-8 ના સંદર્ભમાં કરવાની ચકાસણીના મુદ્દાઓનું બીજુ એક ચેકલીસ્ટ તૈયાર કરીને આ સાથે મોકલવામાં આવે છે. તો તેમાં જણાવ્યા મુજબ વિગતવાર ચકાસણી કરી / કરાવી તે અંગેના જરૂરી તમામ આધાર / પુરાવાઓ સાથે અરજી ૨ પ્રતમાં ચેકલીસ્ટમાં કરેલ ચકાસણીની વિગતો ભરીને ચેકલીસ્ટ સાથે જરૂરી સ્પષ્ટ અભિપ્રાય અને ભલામણસહ ગૃહ વિભાગને મોકલવાની રહેશે.

૫) અરજી કરનાર વ્યકિત / સંસ્થાને વિદેશી વ્યકિત કે સંસ્થા દ્વારા મળનાર વિદેશી ફાળાનો ઉપયોગ વહીવટકર્તા / સંચાલક પોતાના અંગત કે પોતાના સગા સબંધી / મિત્રોના અંગત હેતુ / લાભાર્થે કે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ પાછળ કરનાર નથી તે બાબત સુનિશ્ચિત કરવાનો મુખ્ય હેતુ હોવાથી દાન / ફાળો

આપનાર વ્યકિત / સંસ્થાના હોદ્દેદારો / વહીવટકર્તાઓ / સંચાલકો અને દાન લેનાર વ્યકિત કે સંસ્થાના હોદ્દેદારો / વહીવટકર્તાઓ / સંચાલકો વચ્ચેના સબંધો, દાન / ફાળો આપવાનો તથા સ્વીકારવાનો હેતુ અને શરતો, દાન / ફાળો આપનાર વ્યકિતનું નાગરિકત્વ તેમજ વિદેશી ફાળાની રકમની જે બેંકના ખાતા દ્વારા લેવડ–દેવડ કરવા માંગતા હોય તેની વિગતની ખૂબ ઉંડાણથી સંતોષકારક ચકાસણી કરવામાં આવે અને ત્યારબાદ જ ભલામણ કરવામાં આવે તે ખાસ જોવા વિનંતી છે.

૬) ગૃહ વિભાગના ખાનગી પત્રાંક : એફસીઆર/મોની. સેલ/૩/૨૦૦૭, તા. ૧૭/૯/૨૦૦૭ સાથે મોકલેલ પત્રક–એ અને પત્રક–બી મુજબનું અનુક્રમે પૂર્વ મંજૂરી અને રજીસ્ટ્રેશનના કેસોની માહિતી દર્શાવતું રજીસ્ટર તમામ જિલ્લા કલેકટરશ્રીની કચેરી દ્વારા નિભાવવાનું રહેશે.

ઉપર દર્શાવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા તમામ જિલ્લા કલેકટરશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એમ. પરીખ)
નિયામક,
(એફસીઆર મોની.સેલ)
ગૃહ વિભાગ.

પ્રતિ
સર્વે જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ

***જાણ અર્થે રવાના :***

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર
- સર્વે પોલીસ કમિશનરશ્રીઓ
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ
- શાખા સિલેકટ ફાઈલ

# ચેકલીસ્ટ
## ફોર્મ– એફસી–૧એ,
## (નિયમ–૩(એએ)

ચોકકસ પ્રકારના સાંસ્કૃતિક,આર્થિક,શૈક્ષણિક,ધાર્મિક અથવા સામાજીક કાર્યક્રમ ધરાવતી સંસ્થા ધ્વારા વિદેશી ફાળો સ્વીકારતાં પહેલાં ભારત સરકારની પૂર્વ મંજુરી મેળવવાની અરજી (કલમ–૬(૧) હેઠળનો પરંતુક, કલમ ૬(૧એ) અને ૧૦(બી))નું ચકાસણી પત્રક.

| મુદ્દા. | અરજીની ચકાસણી | કરેલ ચકાસણીની વિગત. |
|---|---|---|
| મુદ્દા.૧ | અન્વયે. | |
| (એ) | અરજી જે તે સંસ્થાના મુખ્ય કાર્યકર્તા ધ્વારા જ કરવામાં આવી છે ? | |
| (બી) | જો "ના" તો સંસ્થાની કારોબારી સમિતિએ તેને ઠરાવથી અધિકૃત કરેલ છે ?(કારોબારી સમિતિના ઠરાવની પ્રમાણિત નકલ અરજી સાથે મુકવી) | |
| (સી) | સંસ્થા, અરજીમાં દર્શાવેલ સરનામે ખરેખર અસ્તિત્વ ધરાવે છે ? કેટલા સમયથી ખરેખર કાર્યરત છે ? આઈ.બી.ના જવાબદાર અધિકારી ધ્વારા આ અંગે તપાસ કરાવેલ છે ? (તપાસના અહેવાલની પ્રમાણિત નકલ અરજી સાથે મુકવી) | |
| (ડી) | અરજી કરનાર સંસ્થા અરજીમાં જણાવ્યા મુજબ ટ્રસ્ટ એકટ / સોસાયટી એકટ / કંપની ધારાની કલમ–૨૫ હેઠળ નોધાયેલ ચેરીટેબલ કંપની છે ? (નોધણી કરાવ્યાના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ અરજી સાથે મૂકવી.) | |
| (ઈ) | ધાર્મિક/સાંસ્કૃતિક/આર્થિક/ શૈક્ષણીક/સામાજીક પૈકી સંસ્થાએ અરજીમાં દર્શાવેલ કામગીરીના પ્રકારની ખાત્રી કરેલ છે ? | |
| (એફ) | અરજી કરનાર સંસ્થા ધાર્મિક હોય તો અરજીમાં દર્શાવેલ ધર્મની ખરાઈ કરી છે ? ( અન્ય ધર્મના કિસ્સામાં કયો ધર્મ છે તે દર્શાવવું). | |
| (જી) | સંસ્થાએ તેની અરજીમાં દર્શાવેલ મુખ્ય ઉદ્દેશ/પ્રવૃતિની ખાત્રી તે સંસ્થાના બંધારણ / ટ્રસ્ટ ડીડ/ મેમમોરેન્ડમ ઓફ એસોસીએશન /આર્ટીકલ ઓફ એસોસીએશનની પ્રમાણિત નકલ મેળવીને કરેલ છે ? | |
| (એચ) | અરજીમાં દર્શાવેલ સંસ્થાની કારોબારી સમિતિ / સંચાલન સમિતિના સભ્યોના નામ, સરનામા,હાલની પ્રવૃતિ,પૂર્વ ઈતિહાસની ખરાઈ કરવામાં આવી છે ? (ખરાઈ કરાવ્યાના અહેવાલની નકલ સામેલ રાખવી.) | |
| (આઈ) | સંસ્થાના મુખ્ય કાર્યકર્તાનું નામ, સરનામુ, પ્રવૃતિ,પૂર્વ ઈતિહાસ તેમજ સંસ્થાના કર્મચારી સાથેનો સબંધ અને અરજીમાં દર્શાવેલ અન્ય વિગતની ખરાઈ કરેલ છે ? (ખરાઈ કરાવ્યાના અહેવાલની નકલ સામેલ કરવી.) | |
| જે | અરજી કરનાર સંસ્થાએ આવકવેરા વિભાગ પાસેથી આવકવેરા અધિનિયમની કલમ–૮૦જી અને ૧૨ એ હેઠળ મળેલી સંગત પ્રમાણપત્ર કે નોંધણી મેળવેલ છે કે કેમ? | |

| | | |
|---|---|---|
| મુદ્દા | ૨ અન્વયે. | |
| (એ) | સંસ્થાની અરજીમાં દર્શાવેલ કારોબારી સમિતિ/ સંચાલન સમિતિના સભ્યોકે તેના મુખ્ય સંચાલક સામે સંસ્થાની કામગીરીના સંદર્ભમાં કોર્ટમાં કોઈ ગુના માટે કેસ દાખલ થયેલ છે ? અથવા તેમની સામે કોર્ટ ધ્વારા કોઈ ગુનો સાબિત થયેલ છે ? આ અંગે ખાત્રી કરવામાં આવી છે ?(ખરાઈ કરાવ્યાના અહેવાલની નકલ સામેલ કરવી ) | |
| મુદ્દા–૩ | અન્વયે. | |
| (એ) | અરજી કરનાર સંસ્થા વિદેશમાં કાર્યરત કોઈ સંસ્થાની શાખા / એકમ છે ? અથવા તે એફ.સી.આર.એ. હેઠળ નોધાયેલ અન્ય સંસ્થાની શાખા છે ? આ અંગે અરજીમાં દર્શાવેલ વિગતોની ખરાઈ કરેલ છે ?(વિદેશી સંસ્થાના બંધારણ/ટ્રસ્ટ ડીડ અથવા રજીસ્ટર થયેલ મુખ્ય સંસ્થાના બંધારણ અને નોધણીના હુકમની નકલ અરજી સાથે રાખવી) | |
| (બી) | અરજી કરનાર સંસ્થાએ અગાઉ એફ.સી.આર.એ.હેઠળ નોધણી કરાવી હોય અને ભારત સરકાર ધ્વારા તે નોધણી કલમ–૬(૧) હેઠળના પ્રોવીઝો હેઠળ રદ કરેલ હોય તો તે અંગે અરજીમાં દર્શાવેલ વિગતોની ખરાઈ કરેલ છે ? (અગાઉ નોંધણી કરાવી હોય અને રદ થયેલ હોય તો તેના હુકમની નકલ અરજી સાથે રાખવી) | |
| (સી) | અરજી કરનાર સંસ્થાને ભારત સરકારે કલમ–૧૦(બી) હેઠળ વિદેશી ફાળો સ્વીકારતાં પહેલાં પૂર્વ મંજુરી મેળવવાનું જણાવ્યું હોય તો અરજીમાં દર્શાવેલ વિગતોની ખરાઈ કરેલ છે ? (આ અંગે ભારત સરકારે કરેલ હુકમની પ્રમાણિત નકલ અરજી સાથે રાખવી.) | |
| મુદ્દા ૪ | અન્વયે. | |
| (એ) | અરજી કરનાર સંસ્થાએ એફ.સી.આર.એ. હેઠળ અગાઉ નોધણી માટે ભારત સરકારને અરજી કરેલ હોય તો અરજીમાં દર્શાવેલ વિગતોની ખરાઈ કરેલ છે ! (ભારત સરકાર ધ્વારા અગાઉ અરજીનો અસ્વીકાર કરેલ હોય કે કોઈ વિશેષ માહિતી માંગેલ હોય તો છેલ્લા પત્રવ્યવહારની પ્રમાણિત નકલ અરજી સાથે રાખવી) | |
| (બી) | કોઈ અન્ય સંસ્થા કે તેની કોઈ શાખા / એકમ કે જેની નોંધણી ભારત સરકાર ધ્વારા રદ કરાયેલ હોય કે તેને ભારત સરકાર ધ્વારા વિદેશી ફાળો સ્વીકારવાની મનાઈ કરાયેલ હોય તેવી સંસ્થા સાથે અરજી કરનાર સંસ્થા સબંધ ધરાવે છે ? આ અંગે ખરાઈ કરેલ છે ? (જો હા, તો તેની વિગતોની તપાસના અહેવાલની પ્રમાણિત નકલ અરજી સાથે રાખવી) | |
| મુદ્દા–૫ | અન્વયે. | |
| (એ) | અરજી કરનાર સંસ્થાને અગાઉ ભારત સરકાર ધ્વારા વિદેશી ફાળો સ્વીકારવાની મંજુરી આપેલ હોય તો અરજીમાં દર્શાવેલ વિગતોની ખરાઈ કરેલ છે?(મંજુરીના હુકમની પ્રમાણિત નકલ અરજી સાથે મુકવી.) | |

| | | |
|---|---|---|
| (બી) | અરજી કરનાર સંસ્થાને વિદેશી ફાળો સ્વીકારવાની મંજુરી અગાઉ મળેલ હોય તો ભારત સરકારને તે અંગેના હિસાબો નિયત નમુનામાં સી.એ.ધ્વારા પ્રમાણિત કરી મોકલેલ છે ? (મોકલેલ હિસાબો તેમજ એફસી–૩ની પ્રમાણિત નકલ અરજી સાથે મુકવી) | |
| (સી) | અરજી કરનાર સંસ્થાને ચાલુ વર્ષ દરમ્યાન વિદેશી ફાળો સ્વીકારવાની મંજુરી મળેલ હોય તો તે જે હેતુસર મળેલ હોય તે જ હેતુ માટે તેનો ઉપયોગ કર્યાની વિગતો તેમજ તેની વણ વપરાયેલ સિલકની ખરાઈ કરેલ છે ? (આ અંગે કરેલ તપાસના અહેવાલની પ્રમાણિત નકલ અરજી સાથે મુકવી) | |
| (ડી) | અરજી કરનાર સંસ્થાએ ભારત સરકારની પૂર્વ મંજૂરી વિના અગાઉ વિદેશી ફાળો સ્વીકારેલ હોય તો તેની વિગતો મેળવીછે ?(પૂર્વ મંજૂરી વિના મેળવેલ ફાળો કંઈ બેન્કના ,કયા ખાતામાં અને કેટલી રકમ જમા કરાવેલ છે તેની વિગતો મેળવીને અરજી સાથે મુકવી.) | |
| (ઈ) | અગાઉ પૂર્વ મંજુરી વિના મેળવેલ વિદેશી ફાળાની બાબત ભારત સરકારે માફ કરેલ છે ? વિદેશી ફાળો સ્વીકારવા ઉપર પ્રતિબંધ મૂકેલ છે ? તે અંગેની ખરાઈ કરેલ છે? (ભારત સરકારના નિર્ણયની નકલ અરજી સાથે રાખવી) | |
| **મુદ્દા–૬** | **અન્વયે.** | |
| (એ) | અરજી કરનાર સંસ્થા પ્રેસ અને પુસ્તક નોધણી અધિનિયમ–૧૮૬૭ હેઠળ કોઈ પ્રેસ/પ્રકાશક કે નોધાયેલ સમાચારપત્રના એડીટર છે ? તે અંગેની ખાત્રી કરવામાં આવેલ છે ? (જો કોઈ પ્રકાશન બહાર પાડેલ હોય તો પ્રેસ રજીસ્ટાર પાસેથી આ પ્રકાશન પ્રેસ અને પુસ્તક નોધણી અધિનિયમની કલમ ૧(૧) મુજબ સમાચારપત્ર નથી તેવું પ્રમાણપત્ર મેળવી તેની નકલ અરજી સાથે રાખવી) | |
| **મુદ્દા–૭** | **અન્વયે.** | |
| (એ) | અરજી કરનાર સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કરેલપ્રવૃતિઓની વિગતોની વાર્ષિક અહેવાલ ઉપરથી કે અન્ય આધાર/ પુરાવા ઉપરથી ખરાઈ કરેલ છે ? (વાર્ષિક અહેવાલની પ્રમાણિત નકલ અરજી સાથે રાખવી.) | |
| (બી) | અરજી કરનાર સંસ્થાના છેલ્લા ૩ વર્ષના સી.એ. ધ્વારા પ્રમાણિત કરેલ વાર્ષિક નાણાંકીય હિસાબો(આવક–જાવક ખાતુ ,ઉપજ ખર્ચ ખાતુ,પાકુ સરવૈયુ તેમજ બેન્ક સ્ટેટમેન્ટ ) ની પ્રમાણીત નકલ મેળવી છે ?(છેલ્લા ત્રણ વર્ષના ઓડિટેડ હિસાબો અને બેન્ક સ્ટેટમેન્ટની પ્રમાણિત નકલ અરજી સાથે રાખવી.) | |

| | | |
|---|---|---|
| મુદ્દા–૮ | અન્વયે. | |
| (એ) | અરજી કરનાર સંસ્થા જે કાંઈ વિદેશી ફાળો મેળવનાર હોય તેનો પ્રકાર અને તે કયા સ્વરૂપે , કંઈ શરતોએમેળવનાર છે અને તેની કિંમતની વિગતો તેમજ તે જેના તરફથી મળનાર હોય તેની વિગતો અને તેના સમંતિપત્રની નકલ મેળવેલ છે ? (સમંતિપત્રની પ્રમાણિત નકલ અરજી સાથે રાખવી.) | |
| (બી) | વિદેશી ફાળો આપનાર વ્યકિત હોય તો તેના નાગરિકત્વની ખાત્રી કરેલ છે ? (ખાત્રી કર્યાની પ્રમાણિત નકલ મૂકવી.) | |
| (સી) | વિદેશી ફાળો આપનાર વ્યકિત કે સંસ્થાની પ્રતિષ્ઠા અંગેની ખાત્રી તેની પાસેથી તેની કામગીરીની, ઉદ્દેશની અને હેતુની વિગતો તેમજ તે સંસ્થાના બંધારણ (મેમો. એસો. / આરટીકલઓફ એસો./ ટ્રસ્ટ ડીડ ની નકલ) આધારે ખાત્રી કરેલ છે ? | |
| (ડી) | અરજી કરનાર સંસ્થાને મળનાર વિદેશી ફાળાનો હેતુ અને તેના કાર્યક્ષેત્રની વિગતો અને શરતોની ખાત્રી વિદેશી ફાળો આપનારના સમંતિપત્રના આધારે કરેલ છે ? | |
| મુદ્દા–૯ | અન્વયે. | |
| | અરજી કરનાર સંસ્થા વિદેશી ફાળાની રકમ જે બેન્ક ધ્વારા મેળવવા ઈચ્છતિ હોય તેનું સરનામું, ખાતા નંબર મેળવીને ખરાઈ કરવામાં આવેલ છે ?( આ અંગે સબંધિત બેન્કનું પ્રમાણપત્ર કે બેન્કના ખાતાનું પ્રમાણિત સ્ટેટમેન્ટ મેળવીને અરજી સાથે રાખવું.) | |
| મુ–૧૦ એ | અન્વયે. | |
| (એ) | અરજી કરનાર સંસ્થાને જે તે હેતુસર વિદેશી ફાળો મેળવવા માટે મંજુરી આપવા જિલ્લા કલેકટરશ્રી ધ્વારાભલામણ કરવામાં આવે છે ? ( ભલામણ કરવામાં આવીહોય તો ફોર્મની અંદર તે અંગેના પ્રમાણપત્ર ઉપર જિલ્લા કલેકટરશ્રીના સહી સિકકા સાથે મોકલવું.) | |
| (બી) | અરજી કરનાર સંસ્થાની સત્યતાની ખાત્રી કરવા તેના ધ્વારા જે કાર્યક્રમ કે પ્રોજેકટ માટે વિદેશી ફાળાનો ઉપયોગ કરાનાર છે તે પ્રોજેકટ કે કાર્યક્રમ દેશને કેટલા અંશે ઉપયોગી થશે તેની વિગતો મેળવેલ છે ? (આ અંગે કરેલ ખરાઈની પ્રમાણિત નકલ અરજી સાથે મૂકવી) | |

સહી/–
જિલ્લા કલેકટર,

(ઓફીસ સેલ)

ચેકલીસ્ટ

# ફોર્મ– એફસી–૮

## (નિયમ–૩એ)

ચોકકસ પ્રકારના સાંસ્કૃતિક,આર્થિક,શૈક્ષણિક,ધાર્મિક અથવા સામાજીક કાર્યક્રમ ધરાવતી સંસ્થા ધ્વારા વિદેશી ફાળો સ્વીકારતા માટે વિદેશી ફાળા (નિયમન) અધિ નિયમ–૧૯૭૬હેઠળ ભારત સરકાર પાસે નોધણી કરાવવા માટેની અરજીનું (કલમ –૬(૧) (એ) ચકાસણી પત્રક.

| મુદ્દા. | અરજીની ચકાસણી | કરેલ ચકાસણીની વિગત. |
|---|---|---|
| મુદ્દા.૧ | અન્વયે. | |
| (એ) | અરજી જે તે સંસ્થાના મુખ્ય કાર્યકર્તા ધ્વારા જ કરવામાં આવી છે ? | |
| (બી) | જો "ના" તો સંસ્થાની કારોબારી સમિતિએ તેને ઠરાવથી અધિકૃત કરેલ છે ? (કારોબારી સમિતિના ઠરાવની પ્રમાણિત નકલ અરજી સાથે મુકવી) | |
| (સી) | સંસ્થા, અરજીમાં દર્શાવેલ સરનામે ખરેખર અસ્તિત્વ ધરાવે છે ? કેટલા સમયથી ખરેખર કાર્યરત છે ? આઈ.બી.ના જવાબદાર અધિકારી ધ્વારા આ અંગે તપાસ કરાવેલ છે ? (તપાસના અહેવાલની પ્રમાણિત નકલ અરજી સાથે મુકવી) | |
| (ડી) | અરજી કરનાર સંસ્થા અરજીમાં જણાવ્યા મુજબ ટ્રસ્ટ એકટ / સોસાયટી એકટ / કંપની ધારાની કલમ–૨૫ હેઠળ નોધાયેલ ચેરીટેબલ કંપની છે ? (નોધણી કરાવ્યાના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ અરજી સાથે મૂકવી.) | |
| (ઈ) | ધાર્મિક/સાંસ્કૃતિક/આર્થિક/ શૈક્ષણીક/સામાજીક પૈકી સંસ્થાએ અરજીમાં દર્શાવેલ કામગીરીના પ્રકારની ખાત્રી કરેલ છે ? | |
| (એફ) | અરજી કરનાર સંસ્થા ધાર્મિક હોય તો અરજીમાં દર્શાવેલ ધર્મની ખરાઈ કરી છે ? ( અન્ય ધર્મના કિસ્સામાં કયો ધર્મ છે તે દર્શાવવું.) | |
| (જી) | સંસ્થાએ તેની અરજીમાં દર્શાવેલ મુખ્ય ઉદ્દેશ/પ્રવૃતિની ખાત્રી તે સંસ્થાના બંધારણ / ટ્રસ્ટ ડીડ/ મેમમોરેન્ડમ ઓફ એસોસીએશન /આર્ટીકલ ઓફ એસોસીએશનની પ્રમાણિત નકલ મેળવીને કરેલ છે ? | |
| (એચ) | અરજીમાં દર્શાવેલ સંસ્થાની કારોબારી સમિતિ / સંચાલન સમિતિના સભ્યોના નામ, સરનામા,હાલની પ્રવૃતિ,પૂર્વ ઈતિહાસની ખરાઈ કરવામાં આવી છે ? (ખરાઈ કરાવ્યાના અહેવાલની નકલ સામેલ રાખવી.) | |
| (આઈ) | સંસ્થાના મુખ્ય કાર્યકર્તાનું નામ, સરનામુ, પ્રવૃતિ,પૂર્વ ઈતિહાસ તેમજ સંસ્થાના કર્મચારી સાથેનો સબંધ અને અરજીમાં દર્શાવેલ અન્ય વિગતની ખરાઈ કરેલ છે ? (ખરાઈ કરાવ્યાના અહેવાલની નકલ સામેલ કરવી.) | |

| | | |
|---|---|---|
| (જે) | અરજીના મુદ્દા ૧ (૪) (બી)માં દર્શાવેલ મુજબ સંસ્થા જે મુખ્ય હેતુ કે ચોકકસ કાર્યક્રમ પાછળ વિદેશી ફાળો ખર્ચવા માંગે છે તેની ખાત્રી કરેલ છે ? | |
| **મુદ્દા–૨** | **અન્વયે.** | |
| (એ) | સંસ્થાની અરજીમાં દર્શાવેલ કારોબારી સમિતિ/ સંચાલન સમિતિના સભ્યો કે તેના મુખ્ય સંચાલક સામે સંસ્થાની કામગીરીના સંદર્ભમાં કોર્ટમાં કોઈ ગુના માટે કેસ દાખલ થયેલ છે ? અથવા તેમની સામે કોર્ટ ધ્વારા કોઈ ગુનો સાબિત થયેલ છે ? આ અંગે ખાત્રી કરવામાં આવી છે ?(ખરાઈ કરાવ્યાના અહેવાલની નકલ સામેલ કરવી ) | |
| **મુદ્દા–૩** | **અન્વયે.** | |
| (એ) | અરજી કરનાર સંસ્થા વિદેશમાં કાર્યરત કોઈ સંસ્થાની શાખા / એકમ છે ? અથવા તે એફ.સી.આર.એ. હેઠળ નોધાયેલ અન્ય સંસ્થાની શાખા છે ? આ અંગે અરજીમાં દર્શાવેલ વિગતોની ખરાઈ કરેલ છે ? (વિદેશી સંસ્થાના બંધારણ/ટ્રસ્ટ ડીડ અથવા રજીસ્ટર થયેલ મુખ્ય સંસ્થાના બંધારણ અને નોધણીના હુકમની નકલ અરજી સાથે રાખવી) | |
| **મુદ્દાં.૪** | **અન્વયે.** | |
| (એ) | સંસ્થાને અગાઉ વિદેશ ફાળો સ્વીકારવા ભારત સરકારની પૂર્વ મંજૂરી મળેલ હોય તો તેની ખાત્રી કરેલ છે?(મંજૂરીના પત્રની નકલઅરજી સાથે રાખવી) | |
| (બી) | પૂર્વ મંજૂરીથી મેળવેલ વિદેશી ફાળો જે તે હેતુસર ઉપયોગ કર્યાની ખાત્રી માટે ફોર્મ એફસી–૩ માં હિસાબો મોકલ્યાની ખાત્રી કરેલ છે?(હિસાબો મોકલ્યાના પત્રની નકલ, ઓડીટેડ હિસાબો અને બેંક પત્રકની નકલ અરજી સાથે સામેલ રાખવી) | |
| (સી) | અરજી કરનાર સંસ્થાએ ભારત સરકારની પૂર્વ મંજૂરી વિના વિદેશી ફાળો સ્વીકારેલ હોય તો તેની પૂરી વિગત તેમજ તે કંઈ બેંકના કયા ખાતામાં જમા કરાવેલ છે.તેની વિગત અને બેંકના સ્ટેટમેન્ટની પ્રમાણિત નકલ મેળવી ખાત્રી કરેલ છે? (બેકના સ્ટેટમેન્ટની પ્રમાણિત નકલ સામેલ રાખવી.) | |
| (ડી ) | અરજી કરનાર સંસ્થાએ ભારત સરકારની પૂર્વ મંજૂરી વિના સ્વીકારેલ વિદેશી ફાળાની રકમનો ગુનો ભારત સરકારે માફ કરેલ છે? ( આ અંગેના પત્ર વ્યવહાર કે ભારત સરકારના નિર્ણયની પ્રમાણીત નકલ મેળવી સામેલ રાખવી.) | |
| (ઈ) | અરજી કરનાર સંસ્થાને પૂર્વ મંજૂરી વિના સ્વીકારેલ વિદેશીફાળાના ગુના બદલ ભવિષ્યમાં વિદેશી ફાળો સ્વીકારવા પ્રતિબંધ મૂકેલ છે ? (હા, તો ભારત સરકારના હુકમની પ્રમાણિત નકલ અરજી સાથે મૂકવી.) | |
| (એફ) | અરજી કરનાર સંસ્થાએ આવકવેરા વિભાગ પાસેથી આવકવેરા અધિનિયમની કલમ ૮૦-જી અને ૧૨ એ [illegible] | |

| | | |
|---|---|---|
| મુદ્દા–૫ | **અન્વયે.** | |
| (એ) | અરજી કરનાર સંસ્થા પ્રેસ અને પુસ્તક નોંધણી અધિનિયમ–૧૮૬૭ હેઠળ કોઈ પ્રેસ/પ્રકાશક કે નોધાયેલ સમાચારપત્રના એડીટર છે ? તે અંગેની ખાત્રી કરવામાં આવેલ છે ? (જો કોઈ પ્રકાશન બહાર પાડેલ હોય તો પ્રેસ રજીસ્ટાર પાસેથી આ પ્રકાશન પ્રેસ અને પુસ્તક નોધણી અધિનિયમની કલમ ૧(૧) મુજબ સમાચારપત્ર નથી તેવું પ્રમાણપત્ર મેળવી તેની નકલ અરજી સાથે રાખવી) | |
| મુદ્દા–૬ | અન્વયે. | |
| (એ) | અરજી કરનાર સંસ્થાએ અગાઉ નોંધણી કરાવવા ભારત સરકારને અરજી કરેલ હતી ? જો " હા " તો તે અરજી મોકલયાની તારીખ અને તે અંગે ભારત સરકાર ધ્વારા લેવાયેલા નિર્ણય (હૂકમ)ની ખાત્રી એ અંગેની નકલ મેળવી કરેલ છે ? (ભારત સરકારના નિર્ણય/હૂકમની નકલ અથવા તો અરજી નિર્ણય અર્થે પડતર હોય તો છેલ્લા પત્ર વ્યવહારની નકલ મેળવી અરજી સાથે રાખવી) | |
| (બ) | અરજી કરનાર સંસ્થા અન્ય સંસ્થા કે તેની કોઈ શાખા / એકમ જેની નોધણી કરવા કે વિદેશી ફાળો મેળવવાની પૂર્વ મંજૂરીની અરજી ભારત સરકાર ધ્વારા નકારાઈ હોય તેની સાથે ઘનિષ્ટ સબંધ ધરાવે છે ? (આવી સંસ્થાના બંધારણની નકલ અને કારોબારી સમિતિના સભ્યો અને મુખ્ય સંચાલકની વિગતો મેળવી ખાત્રી કરવી) | |
| મુદ્દા–૭ | **અન્વયે.** | |
| (એ) | અરજી કરનાર સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃતિઓની વિગતોની વાર્ષિક અહેવાલ ઉપરથી કે અન્ય આધાર/ પુરાવા ઉપરથી ખરાઈ કરેલ છે ? (વાર્ષિક અહેવાલની પ્રમાણિત નકલ અરજી સાથે રાખવી.) | |
| (બી) | અરજી કરનાર સંસ્થાના છેલ્લા ૩વર્ષના સી.એ. ધ્વારા પ્રમાણિત કરેલ વાર્ષિક નાણાંકીય હિસાબો(આવક–જાવક ખાતુ , ઉપજ ખર્ચ ખાતુ,પાકુ સરવૈયુ તેમજ બેન્ક સ્ટેટમેન્ટ ) ની પ્રમાણીત નકલ મેળવી છે ?(છેલ્લા ત્રણ વર્ષના ઓડિટેડ હિસાબો અને બેન્ક સ્ટેટમેન્ટની પ્રમાણિત નકલ અરજી સાથે રાખવી.) | |
| (સી) | અરજીમાં જણાવેલ કાર્યક્ષેત્રના વિસ્તારો અને તે દરેક વિસ્તારમાં કરેલ ચોકકસ પ્રકારના કામોની વિગત મેળવી ખાત્રી કરી, અરજી સાથે તેની નકલ રાખવી. | |
| મુદ્દા–૮ | **અન્વયે.** | |
| (એ) | અરજી કરનાર સંસ્થાને કલમ–૫ હેઠળ રાજકીય પક્ષ તરીકે નહિ પરંતુ રાજકીય પ્રકારની સંસ્થા તરીકે માન્યતા મળેલ હોય તો તે અંગેની વિગતો જાહેરનામાની નકલ મેળવી ખાત્રી કરેલ છે ? (જાહેરનામાની પ્રમાણિત નકલ અરજી સાથે રાખવી) | |

| | | |
|---|---|---|
| મુદ્દા–૯ | અન્વયે. | |
| (એ) | અરજી કરનાર સંસ્થા વિદેશી ફાળાની રકમ જે બેન્ક ધ્વારા મેળવવા ઈચ્છતિ હોય તેનું સરનામું, ખાતા નંબર મેળવીને ખરાઈ કરવામાં આવેલ છે ?( આ અંગે સબંધિત બેન્કનું પ્રમાણપત્ર કે બેન્કના ખાતાનું પ્રમાણિત સ્ટેટમેન્ટ મેળવીને અરજી સાથે રાખવું.) | |
| મુદ્દા- ૯ એ | અન્વયે. | |
| (એ) | અરજી કરનાર સંસ્થાને જે તે હેતુસર વિદેશી ફાળો મેળવવા માટે મંજુરી આપવા જિલ્લા કલેકટરશ્રી ધ્વારા ભલામણ કરવામાં આવે છે ? (ભલામણ કરવામાં આવતી હોય તો ફોર્મની અંદર તે અંગેના પ્રમાણપત્ર ઉપર જિલ્લા કલેકટરશ્રીના સહી સિકકા સાથે મોકલવું.) | |
| (બી) | અરજી કરનાર સંસ્થાની સત્યતાની ખાત્રી કરવા તેના ધ્વારા જે કાર્યક્રમ કે પ્રોજેકટ માટે વિદેશી ફાળાનો ઉપયોગ કરાનાર છે તે પ્રોજેકટ કે કાર્યક્રમ દેશને કેટલા અંશે ઉપયોગી થશે તેની વિગતો મેળવેલ છે ? (આ અંગે કરેલ ખરાઈની પ્રમાણિત નકલ અરજી સાથે મૂકવી) | |

સહી/–
જિલ્લા કલેકટર,

(ઓફીસ સીલ)